ક્રમાંક:રાપબો/RIMC/૨૦૧૯/૩૧૦૭-૧૩
રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર -૨૧, ગાંધીનગર
તા.૨૧/૦૬/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ

વિષય: રાષ્ટ્રીય ઈન્ડિયન મીલીટરી કોલેજ (RIMC) દેહરદૂન-પ્રવેશ પરીક્ષા ડિસેમ્બર-૨૦૧૯બાબત.

મહાશય,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, રાષ્ટ્રીય ઈન્ડિયન મીલીટરી કોલેજ (RIMC) દેહરદૂન-પ્રવેશ પરીક્ષા ડિસેમ્બર-૨૦૧૯ (જુલાઇ-૨૦૨૦ ટર્મ) અંગેની વિસ્તૃત વિગત આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. સદર પરીક્ષા અંગે આપના જિલ્લાની શાળાઓને સમયમર્યાદામાં આ વિગતો પોંહચે તથા વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ભાગ લે તે માટે આપની કક્ષાએથી આવશ્યક પ્રયાસ કરવા વિનંતી છે.

ક્રમાંક / ૯૯-૦૩૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૨૭ - ૦૬ - ૨૦૧૯

– નકલ રવાના જાણ તથા અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ, સરકારી, મા.અને
ઉ.મા શાળાઓ તમામ.

Scanned by CamScanner
Scanned by CamScanner

રાજ્ય પરીક્ષા બોર્ડ ,ગાંધીનગર

રાષ્ટ્રીય ઇન્ડિયન મીલીટરી કોલેજ (RIMC) દેહરાદુન-પ્રવેશ પરીક્ષા ડિસેમ્બર-૨૦૧૯(જુલાઇ-૨૦૨૦ ટર્મ)

ભારત સરકાર

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આર.આઇ.એમ.સી. દેહરાદૂનની જુલાઇ-૨૦૨૦ ટર્મમાં ધોરણ-૮માં પ્રવેશ માટે યોજાનાર ડિસેમ્બર-૨૦૧૯ની પ્રવેશ પરીક્ષા તા:૧ (રવિવાર) અને ૨ (સોમવાર) ડિસેમ્બર ૨૦૧૯ ના રોજ ગાંધીનગર ખાતે યોજાશે.

લાયકાત:આ પરીક્ષા પ્રવેશ સમયે એટલે કે ૦૧ જુલાઇ ૨૦૨૦ એ માન્ય શાળામાંથી ધોરણ-૭ પાસ અથવા ધોરણ-૭ માં ભણતા કુમારો (Boys Only) માટે જ છે.

ઉંમર:આ પરીક્ષામાં બેસવા માટે વિદ્યાર્થી ૧ જુલાઇ ૨૦૨૦ ના રોજ ૧૧૧/૨(૧૧ વર્ષ ૬ મહિના) વર્ષ કરતાં નાનો અને ૧૩ વર્ષ કરતાં મોટો હોવો જોઇએ નહી. એટલે વિદ્યાર્થી તા.૨/૭/૨૦૦૭ પહેલાં અને તા.૧/૧/૨૦૦૯ પછી જન્મેલો હોવો જોઇએ નહી.

આવેદનપત્ર મેળવવા માટેની પ્રક્રિયા: આ પરીક્ષા માટેનું આવેદનપત્ર તથા ગત વર્ષોના પ્રશ્નપત્રોની બુકલેટ સ્પીડ પોસ્ટથી મેળવવા માટે જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓએ રૂા ૬૦૦/- તથા એસ.સી./એસ.ટી. કેટેગરી વિદ્યાર્થીઓએ (જાતિનું પ્રમાણપત્ર જોડવું) રૂા.૫૫૫/- નો THE COMMANDANT RIMC DEHRADUN" નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ પેયેબલ એટ STATE BANK OF INDIA, TEL BHAVAN, DHERADUN,(BENK CODE-01576), UTTARAKHAND" પોતાના સરનામા સાથેની લેખિત અરજી સાથે "The Rashtriya Indian Military College, GarhiCantt, Dehradun, Uttarakhand, Pin-248003" ખાતે મોકલવાનો રહેશે. અરજદારે પોતાનું પત્રવ્યવહારનું સરનામું સ્પષ્ટ રીતે પીન કોડનંબર તથા કોન્ટેક નંબર સાથે લખવું.

ઉપર જણાવેલ ફી www.rimc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન પેમેન્ટ દ્વારા ચુકવીને આવેદનપત્ર અને જુના પ્રશ્નપત્રો બુકલેટ મેળવી શકાશે.

આવેદનપત્ર બે નકલમાં ચોકસાઇપૂર્વક ભરી બે પાસપોર્ટ સાઇઝના ફોટા, વિદ્યાર્થીનું ડોમીસાઇલ પ્રમાણપત્ર, જન્મનું પ્રમાણપત્ર (નગરપાલિકા અથવા ગ્રામપંચાયત), એસ.સી./એસ.ટી. જાતિનું પ્રમાણપત્ર તથા જન્મ તારીખ અને હાલ જે ધોરણમાં અભ્યાસ કરતા હોય તેનો ઉલ્લેખ કરતો વિદ્યાર્થીના ફોટા સહિતનો શાળાના આચાર્યનો અસલ દાખલા સહિતના ડોક્યુમેન્ટ સાથે આવેદનપત્ર સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજય, સરકારી પુસ્તકાલય સામે, સેકટર -૨૧, ગાંધીનગર ખાતે તા.૩૦/૦૯/૨૦૧૯ સુધી અથવા તે પહેલા ટપાલથી અથવા રૂબરૂ પહોચતું કરવાનું રહેશે.

નોંધ : સ્થાનિક છાપેલા/ ઝેરોક્ષ તથા RIMC હોલોગ્રામ વગરના આવેદનપત્રો રદ થવા પાત્ર રહેશે.

વધુ માહિતી માટે Website: www.rimc.orgઅને http://gujarat-education.gov.in/seb/

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

Scanned by CamScanner
Scanned by CamScanner